ગાંધીનગર સમાચાર

ઘુંટણ કે સાંધાના દુ:ખાવાને પળભરમાં ઓગાળતી અગ્નિકર્મ સારવાર

લગ્નના બહાને રૂપિયા ખંખેરતી દુલ્હન ગેંગ ઝડપાઈ

ગાંધીનગર એલસીબીની ટીમે એક મહિલા તથા તેણીના બનાવટી માતા-પિતા સહીત ત્રણની ધરપકડ કરી : લગ્ન કરવા ૮૫ હજાર ઉઘરાવ્યા બાદ બે દિવસ પછી યુવતી ભાગી ગઈ ને છુટાછેડા માટે ૪૦ હજાર માંગ્યા...!

ગાંધીનગર, તા.૧૦

રાજયમાં લુંટેરી દુલ્હન ગેંગ ખુબ જ સક્રીય થઈ છે જે અપરિણીત યુવાનો, આધેડોને જાળમાં ફસાવી મહિલા સાથે લગ્ન કરાવી રૂપિયા ખંખેરી નાંખે છે. લગ્ન બાદ બે ત્રણ દિવસમાં જ કોઈના કોઈ બહાને મહિલા ઘરેથી નીકળી જાય અને પછી છુટાછેડા માટે પણ રૂપિયાની માંગણી કરે...! આ પૈકીની જ એક ગેંગને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડી છે. એક મહિલા તથા તેણીના માતા-પિતાની ઓળખ આપનાર નકલી માતા-પિતા મળી ત્રણ શખ્સોની ધરપકડ કરી એલસીબીએ ચિલોડા પોલીસને સોંપતા ચિલોડા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે કે આ ગેંગે અન્ય કોને કોને લુંટયા છે...?

મહેસાણાના કુકરવાડા ખાતે રહેતા ૩૫ વર્ષીય યુવાન ગાભાજી ભીખાજી ઠાકોર ગઈ કાલે ગાંધીનગર એલસીબીની કચેરીએ આવ્યા હતા અને લુંટેરી દુલ્હન ગેંગે તેમને લુંટયા હોવાની અને હવે છુટાછેડા માટે રૂ.૪૦ હજાર લઈ ચિલોડા પાસે આવવા કહ્યું હોવાની ફરિયાદ કરી હતી. ગાભાજી તેના સગા મારફતે રંજન (રેખા) નામની છોકરી અને રંજનના માતા અને પિતા

બનીને આવેલા શખ્સોના સંપર્કમાં આવ્યા હતા અને રૂ. ૮૫ હજાર લગ્ન માટે આ ગેંગે લઈ ફુલહાર કરાવી લગ્ન પતાવ્યા હતા. બે દિવસ બાદ લુંટેરી દુલ્હન રંજનને નકલી મા-બાપ જમીનની સહીઓ કરાવવાના બહાને લઈ ગયા અને પછી તે પરત જ ન આવ્યા. હવે છુટાછેડા માટે રૂ. ૪૦ હજાર સાથે ચિલોડા બોલાવ્યા હતા. આ ફરિયાદને આધારે એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે ચિલોડા વોચ ગોઠવી દુલ્હન રંજન મધરૂપ વાંસફોડીયા (રહે. પેથાપુર) તથા તેના નકલી પિતા વજેસિંહ ઉર્ફે રાજુસિંહ હાલુસિંહ રાઠોડ (રહે. દેવકરણના મુવાડા, દહેગામ) અને નકલી માતા સીતા ડાહ્યા ઠાકોર (રહે. પેથાપુર, સંજરી પાર્ક સામેના છાપરા) ત્રણેયની ધરપકડ કરી લઈ લુંટેરી દુલ્હન ગેંગ સામે ગુનો નોંધી ચિલોડા પોલીસને સોંપી દેવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે ત્રણેયની સઘન પુછપરછ શરુ કરી છે.

@ગાંધીનગર

● ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલી નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડીઝાઈન ખાતે જાણીતા ફોટોગ્રાફર દિપક પુરીની તસવીરોનું પ્રદર્શન યોજાશે.

● બાળ ફિલ્મ મહોત્સવ અને એજયુકેશનલ ઈનોવેશન ફેર-૨૦૧૬નો સમાપન અને એવોર્ડ વિતરણ સમારોહ સવારે ૧૦ કલાકે સે-૧૨ ગિજુભાઈ બધેકા ઓડિટોરીયમ, જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર ખાતે યોજાશે.

આનંદના ગરબાની અખંડધૂન યોજાશે

ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી પ્લોટ નં- ૧૦૩૧-૧ ખાતે આવેલ હરસિધ્ધ માતાજી સિધ્ધપીઠ ખાતે તા.૧૧ માર્ચના રોજ બપોર ૧ થી ૫ કલાક દરમિયાન આનંદના ગરબાની અખંડધૂનનું આયોજન કરવામાં આવ્યું છે.આ ગરબામાં નગરના સર્વમાઈભકતોને પધારવા જણાવાયું છે.

બ્રહ્મસમાજના જીવનસાથી પસંદગીના ઉમેદવારો જોગ

ગાંધીનગર, તા.૧૦

ભાગવદ વિદ્યાપીઠ, સોલા અમદાવાદ ખાતે આગામી તા, ૧૬ અને ૧૭ એપ્રીલના રોજ બ્રહ્મ સમાજનો વિશ્વસ્તરીય દ્વિદિવસીય જીવનસાથી પસંદગી મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા ગાંધીનગર જિલ્લાના સર્વ ભૂદેવોને ભાગ લેવા તથા લગ્ન ઈચ્છુક ઉમેદવારોએ છેલ્લી તા.૨૫-૩-૧૬ સુધીમાં સે-૧૬ બ્રહ્મ સમાજની વાડી અને પંચદેવ મંદિર સેકટર-૨૨ ગાંધીનગર ખાતેથી ફોર્મ મેળવી અને ફી સાથે અંતિમ તારીખ સુધીમાં જમા કરાવી દેવાનું રહેશે. બ્રહ્મ સમાજની વેબસાઈટ સમસ્ત બ્રહ્મ સમાજ ડોટ કોમ પર તદ્દન મફત રજીસ્ટર થવા વિપુલ ઠાકર (સંયોજક ગાંધીનગર જિલ્લા પરશુરામ ફાઉન્ડેશન) દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

વાતવાતમાં

● ધો-૧૦ની બોર્ડની પરીક્ષામાં વિજ્ઞાન વિષયનું પેપર અકંદરે સરળ જતા વિદ્યાર્થીઓને અડધી રાહત અનુભવાઈ હતી. હવે વિદ્યાર્થીઓએ ગણિતના પેપરની તૈયારીઓ માટે કમર કસી છે.

● ગાંધીનગરની રંગભૂમિની કલાકાર દિકરી દિપલ પરમાર શુક્રવારે પ્રભુતામાં પગલા પાડશે. ગુરુવારે દિપલની સગાઈ અને સંગીત સંધ્યાના પ્રસંગો ઉજવાયા હતા.

● મૂળ ગાંધીનગરની પરંતુ લગ્ન પછી એનઆરઆઈ બનેલ પરિણિતાએ તેના પતિ સહિત સાસરિયા વિરૂધ્ધ ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી છે. લગ્ન પછી બાળકો થયા બાદ પણ સાસરિયાનો ત્રાસ ચાલુ રહેતા પરિણિતાએ ના છુટકે કાનૂનનો સહારો લેવો પડયો છે.

● બોર્ડની પરીક્ષાઓની મૌસમ બરાબર જામી છે અને હોળાષ્ટક બેસવાની તૈયારીઓ છે. હોળાષ્ટક બેસે તો પહેલા ગાંધીનગરમાં રહ્યા-સહ્યાં લગ્નોના આયોજન પણ યોજાઈ રહ્યાં છે.

● હોળી-ધુળેટીના તહેવારે શહેરમાં કેટલીક સંસ્થાઓ દ્વારા વિશેષ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયું છે. આ ઉપરાંત ખાનગી પાર્ટીપ્લોટ અને રિસોર્ટસ દ્વારા પણ હોળી પાર્ટીના આયોજનો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર લોહાણા સમાજ અંગે જાણવાજોગ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં વસતા લોહાણા સામાજના સર્વ પરિવારજનોની ડિરેકટરી ૨૦૧૬ બહાર પાડવા માટેના ફોર્મ ૨૯ ફેબ્રુઆરી સુધી ભરીને જલારામ મંદિર ખાતે પહોંચતા કરવાના હતા. પરંતુ હજુ સુધી કેટલાક પરિવારજનોએ ફોર્મ જમા કરાવ્યા નથી તો વહેલી તકે ફોર્મ ભરીને આપી જવા જેથી પરિવાર દર્પણ-૨૦૧૬ માં સમાવેશ કરી શકાય તેમજ આજીવન સભ્યમાં બાકી હોય તેમણે આજીવન સભ્ય બનવા જલારામ સમાજના પ્રમુખ જીતેન્દ્ર સેજાણીએ અનુરોધ કર્યો છે.

આધ્યાત્મિકતા તથા મહાનુભાવોના જીવન ચરિત્ર અંગે ચર્ચા કરવાની તાતી જરૂરિયાત : ડૉ. જયોતિબેન થાનકી

શિક્ષક તે છે જે વિદ્યાર્થી અને સમાજનું ઘડતર કરે છે : ડો. જયેશ તન્ના
શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓની એક દિવસીય શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

'આજના અતિ વ્યસ્તતાના યુગમાં આધ્યાત્મિકતા તેમજ મહાનુભાવોના જીવનચરિત્ર અંગે ચર્ચા વિચારણા કરવાની તાતી જરૂરિયાત છે.' સે-૨૩ના શ્રીઅરવિંદ કેન્દ્ર ખાતે ગાંધીનગરની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને સંબોધતા જાણીતા લેખિકા-સામાજિક કાર્યકર ડૉ. જયોતિબેન થાનકીએ ઉપરોકત શબ્દો કહ્યા હતા. આજે યોજાયેલા આ એક દિવસીય શિબિરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની બી.પી.કોલેજ ઓફ બીબીએના ૧૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૪૨ વિદ્યાર્થીઓએ શ્રી અરવિંદ આધારિત જુદા જુદા વિષયો પર પોતાનું વકતવ્ય અને મૌલિક વિચારો રજૂ કર્યા હતા.

વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન માટે ધાર્મિકતા, યોગ, ભારતીય સંસ્કૃતિ તેમજ આયુર્વેદ જેવા વિષયો આધારિત અનેક પ્રવૃત્તિઓનું બીબીએ કોલેજ દ્વારા આયોજન કરાય છે. વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓને ખીલવવા કોલેજ દ્વારા અવનવા સેમિનાર, વર્કશોપ વગેરેનું આયોજન કરવામાં આવતું હોય છે. આજે બીબીએ કોલેજ દ્વારા સે-૨૩માં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે વકતૃત્વ સ્પર્ધા શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મહર્ષિ શ્રી અરવિંદ, શ્રી માતાજી જીવન ચરિત્ર, ઓરોવિલ્લ પોડિંચેરી આશ્રમ, જીવન જીવવાની કળા, આદર્શ બાળક જેવા વિષયો પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે ડૉ. જયોતિબેન થાનકી ઉપરાંત શ્રી અરવિંદ કેન્દ્રના સંચાલક ડૉ. સી.કે. તન્નાએ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.

બીબીએ કોલેજના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ હેડ ડૉ. જયેશ તન્નાએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને શ્રી અરવિંદના જીવન ચરિત્ર ''ધી ડિવાઈન લાઈફ ઓફ શ્રી અરવિંદો' પુસ્તકના ઉદાહરણો ટાંકી ધ્યાન, આદર્શ બાળક કેવી રીતે બની શકાય, પૃથ્વી પર માનવ અવતારનું પ્રયોજન તથા જીવનને અતિ સુંદર કેવી રીતે બનાવી શકાય વગેરે મુદ્દાઓ આવરી લેતું પ્રેરક ઉદબોધન કર્યું હતું. આ ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને ધ્યેય સિધ્ધિ માટે સમયનો સદુપયોગ કરી જીવનનું સફળ ઘડતર કરવા બાબતે શ્રી અરવિંદ તથા શ્રી માતાજીના વિચારોનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે શિક્ષકોની ફરજ અંગે પણ શ્રી અરવિંદના વિચારો જણાવતા કહ્યું હતું કે 'શિક્ષક તે છે જે વિદ્યાર્થી અને સમાજનું ઘડતર કરે છે, સારો વિદ્યાર્થી સારો શિક્ષક બની શકે છે.' આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રમાકાંત પૃષ્ટિએ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શિસ્ત, સમયપાલન અને ઉચ્ચ સિધ્ધાંતોને વળગી સફળતા પ્રાપ્ત કરવા સાથે સખત મહેનત અને તર્કબધ્ધ આયોજનથી કાર્ય કરવા અને સત્યાગ્રહી બનવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ હેડ ડૉ. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા ભારે જહેમત ઉઠાવી સફળતા પૂર્વક સમાપન કરાયું હતું.

વાહનોની બેટરીનાં જથ્થા સાથે સે-૧૨માંથી બે શખ્સો ઝડપાયા

સાત બેટરી સાથે એસઓજીની ટીમે બે શમકંદોને પકડીને સે-૭ પોલીસને સોંપ્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એસઓજીની ટીમે ચોકકસ બાતમીને આધારે સેકટર-૧૨ બલરામ ભવન નજીક છાપરામાં જઈ અલગ અલગ વાહનોની બેટરીઓ સાથે બે શકમંદોને પકડી પાડયા છે. બેટરીઓ વિવિધ વાહનોમાંથી ચોરી કરી હોવાની શકયતાને પગલે તેની અટકાયત કરી પુછપરછ કરી સે-૭ પોલીસને સોંપવામાં આવ્યા છે. બેટરીઓ અલગ અલગ સ્થળેથી વાહનોમાંથી ચોરી હોવાની વિગતો ખુલે તેવી શકયતા પ્રબળ છે.

ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પાર્ક કરેલા વાહનોમાંથી બેટરીઓ ચોરી થઈ જવાના સંખ્યાબંધ કિસ્સાઓ બન્યા છે ત્યારે એસઓજી પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમે બાતમીને આધારે સે-૧૨ના સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ નજીક બલરામ ભવન પાસેના કાચા છાપરામાં સર્ચ કર્યુંહતું. તેમાંથી અલગ અલગ વાહનોની સાત બેટરીઓ મળી આવી છે. જે કયાંથી આવીકે બીલ અંગે તે શખ્સ કાંઈ કહી શકતો ન હતો. બેટરીઓ ચોરી કરી હોવાની શકયતાને પગલે ભરત ધરમદાસ દાતણીયા અને મુળ સે-૨૨ના અને હાલ અમદાવાદ રહેતા અશોક અશ્વીન દાતણીયાની ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે. રૂ. ૧૨ હજારની કિંમતની બેટરીઓ જપ્ત કરી બંનેને સે-૭ પોલીસને સોંપવામાં આવ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ગરમીમાં પાણીની કસરને પુરું કરતું આકર્ષક અને જરૂરી ફળ એવું તડબૂચ કે જે હૃદય રોગ અને કેન્સરને વધતું અટકાવવામાં પણ ખૂબ જ ઉપયોગી છે. શહેરમાં આજકાલ ઠેર ઠેર તડબૂચના ઢગલાઓ જોવા મળી રહ્યાં છે અને શહેરીજનો ગરમીમાં તેને ખાવાનો આનંદ લઈ રહ્યા છે.

ઘુંટણ કે સાંધાના દુ:ખાવાને પળભરમાં ઓગાળતી અગ્નિકર્મ સારવાર

પેથાપુર ખાતે ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરમાં વિના મૂલ્યે અપાતી અગ્નિકર્મ સારવારથી ૧૪ હજારથી વધુ દર્દીઓને દર્દમાં રાહત મળી : માત્ર સેવાના ઉદ્દેશથી વૈજ્ઞાનિક ઢબે કરાતી સારવાર માટે દર્દીઓની ભીડ ઉમટે છે : અગ્નિકર્મથી ની-રીપ્લેસમેન્ટ પણ અટકાવી શકાયા છે

(તસવીર : કશ્યપ નિમાવત)

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

શું આપ લાંબા સમયથી ઢીંચણ, કમર, ગરદન, ગાદી, ખભો, કોણી કે પછી સ્નાયુ અથવા સાંધાના દુ:ખાવાથી પરેશાન છો? શું અનેક ઉપાયો અજમાવવા છતા આપને આ દુ:ખાવામાંથી મુકિત નથી મળી? જો આ પ્રશ્નોનો જવાબ હા હોય તો હવે આપની તકલીફનું નિવારણ હવે હાથ વેંતમાં છે તેવું જાણજો. જી હા, ગાંધીનગર પાસેના પેથાપુર ખાતે ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર દ્વારા અગ્નિકર્મ સારવાર પધ્ધતિથી તમામ પ્રકારના દુ:ખાવાને મટાડવાનો સચોટ ઈલાજ છે અને તે પણ વિના મૂલ્યે.

વાંચીને ભલભલાને આશ્ચર્ય થાય તેવી પરંતુ તદ્દન સત્ય હકીકત છે. ભારતીય આર્યુવેદની અતિ પૌરાણિક ચિકિત્સા પધ્ધતિ 'અગ્નિકર્મ' હવે પેથાપુર ખાતે તદ્દન વૈજ્ઞાનિક ઢબે કરાઈ રહી છે જના પ્રતાપે અત્યાર સુધીમાં સાડા ૧૪ હજાર દર્દીઓને તેમના શારિરીક દુ:ખાવામાંથી મુકિત મળી છે. માત્ર એટલું જ નહી પરંતુ ઘુંટણ બદલાવવાના ઓપરેશનની તારીખ સુધ્ધાં લઈ ચુકેલા દર્દીઓ આ ચિકિત્સા દ્વારા તદ્દન સાજા થઈ જવા પામ્યા છે અને તે પણ તદ્દન નિ:શુલ્ક.

ડૉ. અશ્વિનભાઈ બારોટ માને છે કે 'અગ્નિકર્મ તો સેવાનો પર્યાય છે.'

ગાંધીનગરના પરંતુ યુકે સ્થિત ડૉ. અશ્વિનભાઈ બારોટ દ્વારા પેથાપુર ખાતે છેલ્લા અઢી વર્ષથી ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું છે જયાં અત્યાર સુધીમાં ૪૦ હજારથી વધુ અગ્નિકર્મ પ્રક્રિયા દ્વારા આશરે ૧૪,૫૦૦ દર્દીને સાંધા તથા સ્નાયુના દુ:ખાવામાંથી રાહત અપાઈ ચુકી છે. આ કેન્દ્ર ખાતે અગ્નિકર્મ ચિકિત્સાના નિષ્ણાંત વૈધ હિતેષ ચૌહાણ, વૈધ હાર્દિક દરજી તથા વૈધ ક્રિષ્ના પટેલ દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિએ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. તેમના મતે માત્ર 'અગ્નિકર્મ' આધારિત ચિકિત્સા કરતું વિશ્વનું એક માત્ર કેન્દ્ર છે. આ કેન્દ્રના સ્થાપક ડૉ. અશ્વિનભાઈ બારોટે ૧૯૭૯માં યુરોપમાં આયુર્વેદ આધારિત સારવારનો પ્રારંભ કર્યો હતો. તમણે પહેલા યુકે અને ત્યારબાદ ગ્રીસ ખાતે આયુર્વેદનો પ્રચાર પ્રસાર કરવા સાથે યુરોપના તબીબોને આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિઓનું જ્ઞાન આપ્યું છે. આયુર્વેદિક પધ્ધતિઓમાં પણ તેમણે સંશોધનો કરી વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો છે જેના કારણે અગ્નિકર્મ જેવી લુપ્ત થઈ રહેલ ચિકિત્સા પધ્ધતિને પુન: જીવિત કરી શકયાં છે. આશરે ત્રણ હજાર વર્ષ પૂર્વે સુશ્રુત ઋષિએ રચેલ 'સુશ્રુત સંહિતા'માં અગ્નિકર્મ પધ્ધતિનો ઉલ્લેખ કરાયો છે. આ પધ્ધતિમાં ધાતુની સલાકાને ચોકકસ તાપમાને ગરમ કરી દર્દીને દુ:ખાવાના ઉદભવસ્થાન સમા ઓળખી કઢાયેલા સ્થાને ક્ષણભરનો સ્પર્શ કરાવાય છે જેના કારણે માત્ર ૧૫ જ મિનિટમાં દર્દીને દુ:ખાવામાં રાહત અનુભવાય છે.

સપ્તાહના ત્રણ દિવસ નિ:શુલ્ક સારવાર

ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર પેથાપુર ચાર રસ્તા પાસે આવેલ છે જયાં દર બુધ, ગુરુ, શુક્રવારે દર્દીઓને નિ:શુલ્ક સારવાર અપાય છે જયારે શનિ-રવિ ચાર્જ સાથે સારવાર અપાય છે. સોમ-મંગળ કેન્દ્ર બંધ રહે છે. રજીસ્ટ્રેશનનો સમય સવારે ૭ થી ૧૧નો રાખવામાં આવ્યો છે.

શું છે અગ્નિકર્મ સારવાર?

'અગ્નિકર્મ' ચિકિત્સામાં દર્દીના દુ:ખાવાની ઝીણામાં ઝીણી તમામ વિગતો જાણી દુ:ખાવાના ઉદભવ સ્થાનોને શોધી કાઢવામાં આવે છે. પોઈન્ટ માર્ક કરેલા નિશ્ચિત સ્થાનોએ સોના, ચાંદી, લોખંડ કે તાંબામાંથી બનાવેલ ખાસ પ્રકારની સલાખા (સળિયો)ને ચોકકસ તાપમાને ગરમ કરીને ક્ષણભર માટે સ્પર્શ કરાવાય છે. આ સ્પર્શ બાદ તુરંત જ તે પોઈન્ટ પર ખાસ પ્રકારનો મલમ લગાડાય છે. જેનાથી તરત જ ઠંડક અનુભવાય છે. અગાઉ ડામ પધ્ધતિ તરીકે ઓળખાતી આ સારવારમાં વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરાયેલ મલમના કારણે દર્દીને જરા પણ દર્દ થતું નથી અને માત્ર ૧૫ જ મિનિટમાં રાહતનો અનુભવ થાય છે.આ પધ્ધતિથી સાંધાના વા, ઢીંચણ-કમર, ગરદનનો દુ:ખાવો, સ્નાયુ, નસ, ગાદીની તકલીફ, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો, સાયટિકા-રાંઝણમાં રાહત તથા ની-રિપ્લેસમેન્ટ પણ અટકાવી શકાય છે.

શહેરમાં સેન્ટ્રલ વર્જમાં વધી ગયેલા છોડને કારણે અકસ્માતમાં વધારો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના માર્ગો પર સેન્ટ્રલ વર્જમાં વિવિધ ફુલોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સેન્ટ્રલ વર્જમાં વધી ગયેલા છોડને કારણે માર્ગ પરના વાહન ચાલકોને વળાંકમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેને પરિણામે વળાંક લેતી સમયે વાહનો ના દેખાતા સામસામે અકસ્માતના બનાવોમાં વધારો થવા પામ્યો છે. તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર જ ટ્રીમીંગ કરવામાં આવે છે જ્યારે અન્ય માર્ગો પર ટ્રીમીંગ કરવામાં ના આવતા અકસ્માતની પરિસ્થિતિ ઉભી થવા પામી છે. નગરજનો શહેરના અન્ય માર્ગોનું પણ સમયસર ટ્રીમીંગ થાય તેવું ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરએ ફુલોની નગરી કહેવાય છે. ગાંધીનગર શહેરના નિર્માણ સમયે વિવિધ માર્ગોને પણ રંગબેરંગી ફુલોના નામ પરથી ઓળખાય

તેવું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. પરંતુ આ વાત જાણે તંત્રમાં વિસરાઈ જવા પામી છે. શહેરના માર્ગો પર આવેલા સેન્ટ્રલ વર્જમાં વિવિધ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે. સેન્ટ્રલ વર્જમા વાવેલા ફુલછોડને પગલે માર્ગ પરથી પસાર થતા વાહનોના ચાલકને વાહન ચલાવવામાં સરળતા રહે છે. પરંતુ આ સેન્ટ્રલ વર્જ વાહન ચાલકો માટે મુશ્કેલીરૂપ બની રહ્યો છે. સેન્ટ્રલ વર્જના ફુલ છોડનું ટ્રીમીંગ નગરના મુખ્ય માર્ગ પર તંત્ર દ્વારા કરવામાં આવે છે.જયારે નગરમા આવેલા અન્ય માર્ગ પર ટ્રીમીંગની વ્યવસ્થા સમયસર કરવામાં ના આવતા ફુલ છોડ એટલી હદે વધી ગયા છેકે કોઈ વ્યકિત, વાહન, પશુઓ સેન્ટ્રલવર્જમાંથી અચાનક આવી જતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાને લઈ નગરમાં અકસ્માતોના બનાવોમાં પણ વધારો નોંધાયો છે. નગરના મુખ્ય માર્ગોની સાથે અન્ય માર્ગોના સેન્ટ્રલ વર્જનું ટ્રીમીંગ હાથ ધરાય તેવી નગરજનોની લાગણી અને માંગણી છે.

ચિરવિદાય

- સ્વ. નંદુબેન બચુજી બિહોલા, ઉ.વ.૬૦
- સ્વ. ઈશાબેન બચુભાઈ દંતાણી, ઉ.વ.૮૦
- સ્વ. અમીચંદભાઈ રણછોડભાઈ લેઉઆ, ઉ.વ.૬૨